**કૃપાકરી પ્રસિધી માટે -** **૧૭ જૂન ૨૦૧૦**

## સીએનજી - પીએનજીનો ભાવવધારો એટલે
## પેટ્રોલ - ડિઝલ ભાવવધારાનાં પડઘમ - રામ નાઈક

**મુંબઈ,ગુરૂવાર :** "સીએનજી અને પીએનજી ના આ અગાઉ જ ભાવમાં થયેલ ૩૦ ટકાનો ભાવવધારો પેટ્રોલ અને ડિઝલ નાં ભાવવધારાં ના પડઘમ જ છે. ભાવવધારાનાં દુષ્ટચક્રની ગતી આ ભાવવધારાને કારણે હજૂ વધશે. સંયુકત પુરોગામી મોરચા સરકારે (યુપીએ) તો જાણે દેશની જનતાની વિરૂધ્ધ યુધ્ધ જ છેડયું માડયું છે",આ મુજબની પ્રતિક્રિયા માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે આજે મુંબઈ ખાતે પ્રસિધ્ધ કરેલ પત્રકમાં વ્યકત કરેલ છે.

શ્રી રામ નાઈકે આગળ કહ્યું હતું કે, "સંયુકત પુરોગામી મોરચા સરકારે પાછલાં છ વર્ષમાં પેટ્રોલિયમ પદાર્થની કિમતો માટે ત્રણ સમિતીઓની રચના કરી.પહેલી સમિતી નાં પ્રમુખ હતા રિઝર્વ બૅંકના માજી ગર્વનર, બીજીનાં પ્રમુખ હતા માજી મંત્રીમંડળ સચિવ, અને શ્રી કિરીટ પારેખ ત્રીજી સમિતીનાં પ્રમુખ હતાં. તેમના અહેવાલ પ્રાપ્ત થયાં પછી પણ સરકારે હાલ સીધી પેટ્રોલિયમ પદાર્થોનાં ભાવતાલ સંબંધી ધોરણ નકકી કર્યું નથી. ધોરણ નકકી કર્યા વગરજ કરેલ આ ભાવવધારાને કારણે 'આમ આદમી' હજૂ વધુ પીસાતો જાય છે. લેવાયેલ બધાં જ નિર્ણયો તાત્પુરતા સ્વરૂપનાં (ઍડહૉક) છે."

"સીએજી અને પીએનજી ની પાછળ પાછળ પેટ્રોલ અને ડિઝલ નાં ભાવ ન વધવા દેવા હોય તો જનતા એ જાગૃત થઈ લડત શરૂ કરવી જોઈએ. તેમજ તે લડત ભાવવધારો પાછો ખેંચાયા બાદ જ રોકવી જોઈએ", એમ પણ શ્રી રામ નાઈકે પત્રક નાં અંતે કહ્યું છે.

**( કાર્યાલય સચિવ)**